જયહિન્દ. રાજકોટ, સોમવાર, તા.૨૨-૨-૨૦૧૬

# પોરબંદરમા સાયક્લોથોન-વોકાથોનમાં ૧૫૦૦ લોકો જોડાયા

## શહેરને સ્વચ્છ રાખવા આગેવાનોએ અપીલ કરી: ચોપાટીએ લોકો ઉમટી પડયા



પોરબંદરમાં રોટરી ક્લબ દ્વારા સાયક્લોથોન અને વોકાથોનનું આયોજન થતાં જિલ્લા કલેક્ટર દિનેશ પટેલ અને નેવીના ઇન્ચાર્જ ઓફિસર આત્મપ્રિયે ધ્વજનું પ્રસ્થાન કરાવ્યું હતું. નાની ઉંમરના બાળકોથી માંડીને યુવક-યુવતીઓ અને વૃદ્ધો પણ તેમાં જોડાયા હતા. અશ્વસવારો અને ફાયરબ્રિગેડના બુલેટ બાઈક રેલીના જવાનો પણ તેમાં જોડાયા તેની તસ્વીર.
(તસ્વીર : હિતેષ પોપટ)

પોરબંદર,તા.૨૧

પોરબંદરમાં રોટરી ક્લબ દ્વારા સાયક્લોથોન અને વોકાથોનનું આયોજન રવિવારે વહેલી સવારે કરવામાં આવતા ૧૫૦૦ જેટલા લોકો તેમાં જોડાયા હતા અને શહેરને સ્વચ્છ રાખવા માટે આગેવાનોએ અપીલ કરી હતી.

ભારત સરકારના 'સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે પોરબંદર શહેરમાં સ્વચ્છતા, સાક્ષરતા અને સ્વસ્થતાની મહત્તાનો પ્રચાર કરવા પોરબંદર જિલ્લા રોટરી પરિવારની ત્રણેય ક્લબો તેમજ યુવા-પાંખ રોટરેક્ટ તથા ઇન્ટરેક્ટ અને મહિલા-પાંખ ઇન્નરવ્હીલ ક્લબના સંયુક્ત ઉપક્રમે રોટરી ઇન્ટરનેશનલના ૧૧૧ વર્ષની ઉજવણી સ્વરૂપે સાયકલ રેલી તથા પદયાત્રાનું આયોજન રોટાથોન-૨૦૧૬ ના નામથી કરેલું હતું. જેનો પ્રારંભ પોરબંદરની ચોપાટી ઉપરથી કરાવવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર દિનેશ પટેલના હસ્તે ફ્લેગ ફરકાવીને સાયક્લોથોનનું અને નેવલના ઇન્ચાર્જ ઓફિસર આત્મપ્રિયના હસ્તે વોકાથોનની શરૂઆત કરવામાં આવી હતી. સાયક્લોથોન ૭ કિ.મી. ની લંબાઈ હતી જે શહેરના વિવિધ રાજમાર્ગો ઉપરથી ફરીને ગાંધી સ્મૃતિભવન પાસે પરત ફરી હતી. ઉપરાંત વોકાથોન ૩ કિ.મી. ની લંબાઈ હતી. અને તે પણ ત્યાં જ વિરામ પામી હતી. રવિવાર હોવા છતાં મોટી સંખ્યામાં નગરજનો વહેલી સવારે ઉઠીને પહોંચી ગયા હતા. નેવીના ૧૭૫ જેટલા જવાનો પણ તેમાં જોડાયા હતા. એટલું જ નહીં, પરંતુ તેમાં શાળાના બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. પાંચ વર્ષના બાળકથી માંડીને ૮૫ વર્ષના વૃદ્ધ પણ તેમાં જોડાયા હતા અનેક સ્પર્ધાઓમાં રેકોર્ડ તોડનાર વયોવૃદ્ધ રંભાભાઈ ઝાલા અને શિલ્પવિભૂષણની પદવી મેળવનાર તથા બારેમાસ સાયકલ ચલાવનાર મોઢવાડિયા મહિલા કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમ નાગર પણ તેમાં ઉત્સાહભેર જોડાયા હતા. મહિલાઓ, યુવતીઓ, તરૂણીઓ તેમજ યુવાનો અને પુરૂષો સહિત વૃદ્ધોએ પણ હોંશેહોંશે તેમાં ભાગ લેતા તેઓને બિરદાવવામાં આવ્યા હતા.સમાપન ગાંધી સ્મૃતિ ભવન પાસે થયું ત્યારે નેવીના ઇન્ચાર્જ ઓફિસર આત્મપ્રિય તથા પોરબંદર નગરપાલિકાના ચીફ ઓફિસર રૂકેશ કુઢડ અને પ્રોજેક્ટ કો. ચેરમેન હર્ષિતભાઈ રૂપારેલીએ તેમના પ્રવચનમાં એવું જણાવ્યું હતું કે, ગાંધીજી પોરબંદરમાં જન્મ્યા છે અને તેમણે આખી દુનિયાને સ્વચ્છતાનો સંદેશ આપ્યો છે અને અત્યારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ ભારત અભિયાન ચલાવી રહ્યા છે તેથી સ્વચ્છતા પાછળની જવાબદારી માત્ર સામાજીક સંસ્થાઓ કે રાજકીય આગેવાનોની નથી પરંતુ દરેક દેશવાસીની છે ત્યારે સૌથી મોટી જવાબદારી પોરબંદરવાસીની છે. કેમ કે આપણે સૌ ગાંધીજીની ભૂમિના નાગરિકો છીએ તેથી આપણે જ આપણા શહેરને સ્વચ્છ રાખીશું નહીં તો કઈ રીતે અન્યને સ્વચ્છતાના પાઠ સમજાવી શકીશું ? પોરબંદરમાં સૌથી વધુ ગંદકી એટલા માટે છે કે મોટાભાગના નાગરિકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ નથી. પોતાના ઘરમાંથી એકઠો કરેલો કચરો કચરાપેટીમાં નાખવાને બદલે રોડ ઉપર અને ગલીઓમાં ફેંકવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ જ્યારે મન થઈ જાય એ રીતે પ્લાસ્ટીકની કોથળીઓ સહિત કચરો નાખવામાં આવે છે ત્યારે સૌથી મોટી જરૂરીયાત એ છે કે દરેક પોરબંદરવાસી પોતાના મકાન અને દુકાનમાં એક કચરાપેટી રાખે અને તેમાં એકઠો થયેલ કચરો નગરપાલિકાની કચરાપેટી આવતા તેના કચરો ઉપાડવાના વાહનમાં નાંખે એવી માત્ર સામાન્ય ટેવ પાડવામાં આવે તો પણ પોરબંદર અરીસા જેવું સ્વચ્છ બની રહેશે.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર દિનેશ પટેલ ઉપરાંત નાયબ કલેક્ટર ચેતન ગણાત્રા, પાલિકાના ચીફ ઓફિસર રૂકેશ કુઢડ, રોટરી ક્લબ ઓફ ગાંધીભૂમિ સુદામાનગરીના સ્થાપક પ્રમુખ ભરતભાઈ રાજાણી, નગરપાલિકાના સેક્રેટરી અતુલભાઈ કારીયા, લાયન્સ પ્રમુખ રાજેશભાઈ લાખાણી, સહિત આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકારના સ્વચ્છતા અભિયાન તથા રોટરીના સેવાકાર્યને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન અશ્વિન સવજાણી અને કો-ચેરમેન હર્ષિત રૂપારેલી, નિરજ મોનાણી, કિતલ રાવલ અને મિતેશ લાખાણી સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

**અશ્વસવારો અને બુલેટસવારો જોડાતા રોમાંચ**

પોરબંદરમાં યોજવામાં આવેલ રોટાથોન-૨૦૧૬ ની શરૂઆત થઈ ત્યારે તેની આગેવાની અશ્વસવાર યુવાનોએ લીધી હતી અને તેની સાથોસાથ ફાયરબ્રિગેડના જવાનો પણ આગ લાગે ત્યારે બુઝાવવા માટે સ્પેશ્યલ ફાળવાયેલા બુલેટ બાઈકમાં સાથે જોડાયા હતા અને સમગ્ર રેલીને દોરવણી આપી હતી.

**૫૦૦ સાયક્લોથોન અને ૧૦૦૦ વોકાથોનમાં જોડાયા**

પોરબંદરની ચોપાટી ઉપરથી રોટાથોનની શરૂઆત થઈ ત્યારે તે પૂર્વે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ જેટલા લોકો સાયકલ સાથે જોડાયા હતા અને ૧૦૦૦ લોકો રોટાથોનમાં જોડાયા હતા. પાલિકાના ચીફ ઓફિસર રૂકેશ કુઢડે પણ સાયકલ સવારી કરી હતી. જ્યારે કલેક્ટર દિનેશ પટેલ અને નાયબ કલેક્ટર ચેતન ગણાત્રા પદયાત્રામાં જોડાયા હતા.

**દર રવિવારે વોર્ડવાઈઝ સફાઈ અભિયાનની મહેચ્છા**

આયોજક હર્ષિતભાઈ રૂપારેલીએ એવું જણાવ્યું હતું કે, દર રવિવારે વોર્ડ વાઈઝ સફાઈ અભિયાન કરવામાં આવે તે અંગેના પગલા તેમની ટીમ દ્વારા લેવામાં આવનાર છે. તેમણે જણાવ્યું હતું કે, પોરબંદરવાસીઓને સાથે રાખીને દર રવિવારે એક વોર્ડમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવે અને ૧ મહિનામાં ૧ વોર્ડ સંપૂર્ણ સ્વચ્છ થઈ જાય પછી એ વોર્ડની સફાઈનો હવાલો ત્યાંના રહેવાસીઓને આપીને તેઓ તેમના વોર્ડને સ્વચ્છ રાખે તેવી સુચના પણ આપવામાં આવે તો સારી રીતે સફાઈ અભિયાનને સફળ બનાવી શકાય.